# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧
ફોન નંબર-0261-2662902, suratdeo@gmail.com , web :-www.suratdeo.org

જા.નં./મા-૨/૨૦૨૬/ તા. /૦૪/૨૦૨૬

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી,પ્રાથમિક ગ્રાન્ટેડ,માધ્યમિક શાળાઓ તમામ,
સુરત, જિ-સુરત

**વિષય:-** "વતન પ્રેમ યોજના" ની જોગવાઇઓમાં ફેરફાર કરી સુધારા ઠરાવ બાબત.
**સંદર્ભ:-** જિલ્લા પંચાયત કચેરી,સુરત ડુમસ-વેસુ રોડ,પીપલોદ,સુરતનો પત્ર ક્રમાંકઃ જિ.પં./ પંશા/ટે-૨/વતન પ્રેમ યોજના/નવો ઠરાવ/વશી ૨૬ તા.૨૫/૦૩/૨૦૨૬

આ સાથે જિલ્લા પંચાયત કચેરી,સુરત ડુમસ-વેસુ રોડ,પીપલોદ,સુરતનો પત્ર ક્રમાંકઃ જિ.પં./ પંશા/ટે-૨/વતન પ્રેમ યોજના/નવો ઠરાવ/વશી ૨૬ તા.૨૫/૦૩/૨૦૨૬ અન્વયે પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૨૪/૦૩/૨૦૨૬ થી જિલ્લા,રાજ્ય કે દેશ બહાર વસતા કોઇ પણ દાતા અથવા વ્યક્તિના દાન અને રાજ્ય સરકારશ્રીના અનુદાનથી ગામડાઓમાં વધુ સારી સગવડો ઉભી કરવાની અને દાતાઓને પ્રોત્સાહન આપવાની વર્ષ-૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં દાખલ કરેલ નવી બાબત "વતન પ્રેમ યોજના" ની જોગવાઇઓમાં ફેરફાર કરેલ છે. તમામ શાળાઓને જાણ સારુ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

બિડાણ :- ઉક્ત પરિપત્રની નકલ

જિલ્લા પંચાયત કચેરી, સુરત
DISTRICT PANCHAYAT OFFICE SURAT
ડુમસ-વેસુ રોડ, પીપલોદ, સુરત
DUMAS-VESU ROAD, PIPLOD,SURAT
પંચાયત શાખા | PANCHAYAT BRANCH
E-Mail :- dyddo-pan-sur@gujarat.gov.in

નં.જિ.પં./પંશા/ટે-૨/વતન પ્રેમ યોજના/નવો ઠરાવ/વશી ૨૬ તા. ૨૫/૦૪/૨૦૨૬

પ્રતિ,

1. નિયામકશ્રી,જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, જિ.સુરત
2. કાર્યપાલક ઇજનેર(પંચાયત),માર્ગ અને મકાન વિભાગ, જિ.સુરત
3. કાર્યપાલક ઇજનેર (પંચાયત),સિંચાઇ વિભાગ, જિ.સુરત
4. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી,આરોગ્ય શાખા, જિ.સુરત
5. પ્રોગ્રામ ઓફિસરશ્રી,આઇસીડીએસ શાખા, જિ.સુરત
6. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, શિક્ષણશાખા, જિ.સુરત
7. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિ.સુરત
8. તાલુકા વિકાસ અધિકારીશ્રી,તમામ જિ.સુરત

વિષય:- "વતન પ્રેમ યોજના"ની જોગવાઇઓમાં ફેરફાર કરી સુધારા ઠરાવ કરવા બાબત.

સંદર્ભ:- પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના સુધારા ઠરાવ ક્રમાંક PRHRDD/VPY/e-file/14/2024/4508/Section-L તા.૨૪-૦૩-૨૦૨૬

સવિનય ઉપરોકત વિષય અને સંદર્ભ પત્ર અન્વયે જણાવવાનુ કે, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૨૪-૦૩-૨૦૨૬ થી જિલ્લા, રાજ્ય કે દેશ બહાર વસતા દાતા અથવા વ્યક્તિના દાન અને રાજય સરકારશ્રીના અનુદાનથી ગામડાઓમાં વધુ સારી સગવડો ઉભી કરવાની અને દાતાઓને પ્રોત્સાહન આપવાની વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં દાખલ કરેલ નવી "વતન પ્રેમ યોજના" ની જોગવાઇઓમાં ફેરફાર કરી સુધારા ઠરાવ કરવામાં આવેલ છે.સદર સુધારા ધ્યાને લેવા વિનંતી છે.

બિડાણ:- ઉપર મુજબ

નાયબ જિલ્લા વિકાસ અધિકારી
(પંચાયત) જિલ્લા પંચાયત સુરત

નકલ સવિનય રવાના:-

માન.જિલ્લા વિકાસ અધિકારીશ્રી,સુરતના અંગત મદદનીશ તરફ જાણ સારૂ.

જિલ્લા, રાજ્ય કે દેશ બહાર વસતા કોઈ પણ દાતા અથવા ગામના વ્યક્તિના દાન અને રાજ્ય સરકારશ્રીના અનુદાનથી ગામડાઓમાં વધુ સારી સગવડો ઉભી કરવાની અને દાતાઓને પ્રોત્સાહન આપવાની વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં દાખલ કરવા બાબત "વતન પ્રેમ યોજના"ની જોગવાઈઓમાં ... ઠરાવ કરવા બાબત.

**ગુજરાત સરકાર**

પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

સુધારા ઠરાવ ક્રમાંક : PRHRDD/VPY/e-file/14/2024/4508/Section – L

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ઇ-સાઇન મુજબ

<u>વંચાણે લીધા:</u>

(૧) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા.૧૮/૦૮/૨૦૨૦ નો ઠરાવ ક્રમાંક: એમવીવાય/૧૦૨૦૨૨/૨૭૩૨૧૫/લ.

(૨) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા.૧૧/૦૬/૨૦૨૧ નો ઠરાવ ક્રમાંક: એમવીવાય/૧૦૨૦૨૦/૫...

(૩) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા.૨૯/૦૭/૨૦૨૧ નો ઠરાવ ક્રમાંક: એમવીવાય/૧૦૨૦૨૦/૨૭૩૨૧૫/લ.

(૪) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા.૨૦/૦૬/૨૦૨૨ નો પરિપત્ર ક્રમાંક: એમવીવાય/૧૦૨૦૨૧/૩૦૬૯૧/લ.

(૫)પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા.૩૦/૦૬/૨૦૨૫ નો ઠરાવ ક્રમાંક:PRHRDD/VPY/e-file/14/2024/4508/Section – L.

<u>આમુખ:-</u>

વંચાણે લીધા (૧) પરના તા.૧૮/૦૮/૨૦૨૦ ના ઠરાવથી જિલ્લા, રાજ્ય કે દેશ બહાર વસતા કોઈ પણ દાતા અથવા ગામના વ્યક્તિના દાન અને રાજ્ય સરકારશ્રીના અનુદાનથી ગામડાઓમાં વધુ સારી સગવડો ઉભી કરવા અને દાતાઓને પ્રોત્સાહન આપવા માટે "માદરે વતન યોજના" અમલમાં મૂકવામાં આવેલ. જેમાં સુધારો કરીને વંચાણે લીધા (૩) પરના તા.૨૯/૦૭/૨૦૨૧ ના સુધારા ઠરાવથી "વતનપ્રેમ યોજના" અમલમાં મુકવામાં આવેલ અને સદર યોજનાને વધુ સફળ બનાવવા વંચાણે લીધા (૫) પરના તા.૩૦/૦૬/૨૦૨૫ના ઠરાવથી જરૂરી ફેરફારો સાથે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે રજુ કરી યોજના અમલમાં મુકવામાં આવેલ.

ગુજરાતના ગામડાઓના સર્વાંગી વિકાસના કાર્યો અને ઉત્તમ જનસુવિધાઓ માટે વતન પ્રેમને વતન સેવા સુધી લઈ જવા, વતન પ્રેમીઓને જન્મભૂમિ/માત્રુભૂમિનું ઋણ ચૂકવવાની ઉત્તમ તક આપવા તેમજ જનહિત વિકાસ કાર્યોમાં જન ભાગીદારીના સૌથી મોટા અભિયાન તરીકે સદર યોજના રાજ્ય સરકારશ્રી દ્વારા અમલમાં મુકવામાં આવેલ છે. જે દ્વારા સરકારશ્રી, દાતાઓ તેમજ ગામના લોકો વચ્ચે જન કલ્યાણ વિકાસશીલ ... થકી ગામમાં સુવિધાઓ વધવાથી ગામની જીવંતતા વધારવાની કલ્યાણકારી ભાવના સાથેની આ યોજના અમલમાં મૂકવામાં આવેલ છે.

આ યોજનાને વધુ સરળ, અસરકારક અને વ્યાપ વધારવા અને બનાવવા માટે વંચાણે લીધા (૫) પરના તા.૩૦/૦૬/૨૦૨૫ ના નવી બાબતના વહીવટી મંજુરીના ઠરાવની જોગવાઈઓમાં જરૂરી ફેરફાર કરી સુધારા ઠરાવ પ્રસિદ્ધ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>સુધારા ઠરાવ:-</u>

પુખ્ત વિચારણાના અંતે વતન પ્રેમ યોજનાની હાલની નવી બાબતના વહીવટી મંજુરીના ઠરાવની જોગવાઈઓમાં જરૂરી સુધારા વધારા સાથે આ સુધારા ઠરાવ દ્વારા નીચે મુજબની જોગવાઈઓને આધિન યોજના અમલીકરણ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

**(૧) આ યોજનાનું નામ 'વતન પ્રેમ યોજના" રહેશે.**

**(૨) યોજનાની જોગવાઈ (વ્યાખ્યા):**

1. ગામ એટલે ગ્રામ પંચાયત ધરાવતું ગામ.
2. દાતા એટલે રાજ્યના કોઇ ગામ કે વિસ્તાર સાથે પોતાના અથવા પોતાના વડવાઓના લાગણીસભર સંબંધોના લીધે આત્મિયતા કે લાગણી ધરાવતી કોઇ વ્યક્તિ અથવા આવા વ્યક્તિઓના સમૂહવાળી ગુજરાત કે ગુજરાત બહારની કોઇ સંસ્થા, ટ્રસ્ટ, સોસાયટી કે મંડળ કે જેના તમામ સભ્યો પૈકી કોઇ એક સભ્ય ગુજરાતના ગામ કે વિસ્તાર સાથે પોતે કે પોતાના વડવાઓ મારફતે સંબંધો ધરાવતા હોય.

**(3) આ યોજના હેઠળ લઇ શકાય તેવા કામોની સુચિ: -**

1. સરકારી શાળાના ક્લાસરૂમ / સ્માર્ટ ક્લાસરૂમ / સ્ટોરરૂમ / લાઇબ્રેરી / કોમ્પ્યુટર લેબ (કમ્પ્યુટર સાથે)
2. કોમ્યુનિટી હોલ.
3. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર / સામુહિક આરોગ્ય કેન્દ્ર / આયુષ ડીસ્પેન્સરી / પશુ દવાખાનું (પશુ સારવાર સેન્ટર (સંબંધિત વિભાગ દ્વારા જગ્યાઓનું સેટઅપ મંજૂર થયેલ હોવું જોઇશે.)
4. આંગણવાડી.
5. મધ્યાહન ભોજનનું રસોડુ + શેડ.
6. સરકારી શાળા, કોલેજ, ટ્રેનિંગ સેન્ટર (સંબંધિત વિભાગ દ્વારા જગ્યાનું સેટઅપ મંજૂર થયેલ હોવું જોઇશે.)
7. પુસ્તકાલય / ઇંટરનેટ સંલગ્ન પુસ્તકાલય.
8. સ્મશાનગૃહ.
9. વેસ્ટ વોટર ટ્રીટમેન્ટ ફીસીલીટી
10. એસ.ટી.સ્ટેન્ડ.
11. દુધ મંડળીનું મકાન.
12. સામુહિક શૌચાલય.
13. પશુઓ માટે હવાડાની સુવિધા.
14. પાણીની પરબ.
15. ગામના આંતરિક રસ્તા / ગટર / સ્ટ્રીટ લાઇટ.
16. રાજ્ય સરકાર હસ્તકની નિવાસી શાળા/કોલેજની હોસ્ટેલ અથવા રસોડું અથવા અન્ય સુવિધાઓ.
17. ચબુતરો.
18. સરકારી/ગ્રાન્ટેડ સંસ્થાઓના સોલાર રુફ ટોપ.
19. અટલવાડી.
20. સરકારી શાળામાં વિદ્યાર્થીઓ માટે ઉપયોગી રમતગમતના સાધનો/વિજ્ઞાન પ્રયોગશાળાને લગતાં સાધનો તથા વસ્તુઓ/ ઈન્ટરનેટ કનેક્ટીવીટી.
21. સી.સી.ટી.વી. કેમેરા સહિતની સર્વેલન્સ સિસ્ટમ.
22. અમૃત સરોવર પ્રકારે તળાવ બ્યુટીફીકેશન.

<u>નોંધ</u>: (૧) આ યોજના હેઠળ પંચવટી યોજના હેઠળ ઉધાન બનાવવુ કે તળાવ ઉંડા કરવા જેવા કામો લઇ શકાશે નહિ.

(૨) ઉક્ત કામોની યાદી પૈકીA અને B શ્રેણીમાં વિભાજન તથા બાંધકામને લગતા કામોના સુચિત એરિયાની વિગત બિડાણથી સામેલ **<u>પરિશિષ્ઠ-૧</u>** મુજબ રહેશે.

**(૪) દાતા:**

કે તેથી વધુ દાતાશ્રીઓ સંયુક્ત ભાગીદારીથી પણ આ યોજના અન્વયે ફાળો આપી કામ કરાવી શકશે.

2. જ્યારે કામનું અમલીકરણ દાતાશ્રી દ્વારા કરવામાં આવે ત્યારે દાતાશ્રી દ્વારા તાંત્રિક મંજુરી રાજ્ય અથવા પંચાયત સેવાના સક્ષમ ઇજનેર પાસેથી લેવાની રહેશે અને જે તે કામના નિર્માણ દરમિયાન સક્ષમ અને અનુભવી ઇજનેર દ્વારા યોગ્ય તાંત્રિક સુપરવિઝન થાય તે અંગે વ્યવસ્થા કરવાની રહેશે.
3. આ યોજના અંતર્ગત દાતાશ્રી દ્વારા ફાળો આપવામાં આવેલ હોય પરંતુ એક વર્ષના સમયગાળા સુધી પણ કામ શરૂ થયેલ ન હોય તેવા કિસ્સામાં ફાળાની રકમ દાતાશ્રીની માંગણી થયેથી પરત કરી શકાશે.
4. આ યોજના હેઠળ પૂર્ણ થયેલ કામોમાં નીચે મુજબની વિગતે દાતાશ્રી સૂચવે તે નામાભિધાન અથવા નામની તક્તી રાજ્ય સરકારે નક્કી કરેલ કદ અને ડીઝાઇન મુજબ એક સમાન રાખવાની રહેશે.
5. દાનની રકમ રૂ. ૫.૦૦/- લાખ સુધી હોય તો ૨ ફૂટ x ૧ ફૂટની તક્તી મુકી શકાશે.
6. દાનની રકમ રૂ. ૫.૦૦/- લાખથી વધુ અને રૂ. ૨૫.૦૦/- લાખ સુધીની હોય તો ૨ ફૂટ x ૨ ફૂટની તક્તી મુકી શકાશે.
7. દાનની રકમ રૂ. ૨૫.૦૦/- લાખથી વધુ હોય તો પ્રવેશદ્વાર પર અથવા અન્ય જગ્યાએ ૪ ફૂટ x ૩ ફૂટની તક્તી મુકી શકાશે.

<u>સ્પષ્ટતા:</u> મકાન,ઓફિસ કે સંસ્થાનું સરકારી રાહે ચાલતું નામ બદલાશે નહીં. દા.ત.Primary Health Centre (PHC) હોય તો નામ ફક્તPHC જ નામ રહેશે. અલબત્ત તકતીમાં ___________ની સ્મૃતિમાં અથવા સહયોગથી નિર્મિત એવું લખી શકાશે)

**(૫) તાંત્રિક સુપરવિઝનને લગતી જોગવાઇઓ:**

1. આ યોજના હેઠળના કામો માટે સરકારી પ્રવર્તમાન PWD ના SOR મુજબ જે તે કામની અંદાજીત ખર્ચની રકમ નક્કી કરવાની રહેશે.
2. ડીઝાઇન જરૂરી હોય એવા કામોમાં જે તે કામની ડિઝાઇનની તાંત્રિક કે નકશા અંદાજોને મંજુરી ટેકનિકલ વિભાગના પ્રવર્તમાન સત્તા સોંપણીના નિયમો/ઠરાવો/પરિપત્રોની જોગવાઇઓ અનુસાર પ્રવર્તમાન સરકારી SOR મુજબ સંબંધિત જિલ્લા પંચાયત કચેરીના સક્ષમ સત્તાધિકારીશ્રીએ આપવાની રહેશે.
3. જે તે કામની ડીઝાઇનનું કદ જો સદર ઠરાવના પરિશિષ્ઠ-૧માં આપવામાં આવેલ ઓછામાં ઓછા કદ (એરિયા) કરતાં ૨૫% થી વધતું હોય તો જે તે કામને મંજુરી આપવાની સત્તા ધરાવતાં સત્તાધિકારીશ્રીના ઉપરી સત્તાધિકારીશ્રી પાસેથી તે અંગેની મંજુરી મેળવવાની રહેશે.
4. આ યોજના અંતર્ગત થતાં કામોમાં;

(a) જો કામનું અમલીકરણ દાતાશ્રી જાતે કરે કે કરાવે તો સંબંધિત જિલ્લાના નીચેના કોષ્ટકમાં જણાવ્યા મુજબના સક્ષમ ઇજનેર દ્વારા કામના નીચે મુજબના તબક્કે ઓછામાં ઓછા ૩ (ત્રણ) વાર કામનું નિરિક્ષણ કરવાનું રહેશે અને કરેલ નિરીક્ષણને સંબંધિત વિગતો અંગેની નોંધ વિઝિટ બુકમાં કરવાની રહેશે.

- પાયાના તબક્કે થયેલ કામ.
- છત (ધાબુ) ભરવાના તબક્કે થયેલ કામ.
- કામ પૂર્ણ થયા બાદ.

| ક્રમ | કામની નાણાકીય રકમ | સક્ષમ અધિકારી |
|---|---|---|
| ૧ | રૂ.૫.૦૦ લાખ સુધી | અધિક મદદનીશ ઇજનેર/ મદદનીશ ઇજનેર |
| ૨ | રૂ.૫.૦૦ થી રૂ.૨૫.૦૦ લાખ સુધી | નાયબ કાર્યપાલક ઇજનેર |
| ૩ | રૂ.૨૫.૦૦ લાખથી રૂ.૨.૦૦ કરોડ સુધી | કાર્યપાલક ઇજનેર |
| ૪ | રૂ.૨.૦૦ કરોડથી વધુ | અધિક્ષક ઇજનેર |

રૂ.૨૫.૦૦ લાખથી વધુ રકમના કામ માટે કાર્યપાલક ઇજનેર અથવા યથાપ્રસંગ અધિક્ષક ઇજનેર જાત નિરિક્ષણ ઉપરાંત પોતાના તાબા હેઠળના નાયબ કાર્યપાલક ઇજનેર/મદદનીશ ઇજનેર/અધિક મદદનીશ ઇજનેરને સમયાંતરના તાંત્રિક સુપરવિઝનની જવાબદારી સોંપી શકશે. કામના વિવિધ તબક્કાઓએ તાંત્રિક સુપરવિઝન દાતા દ્વારા સક્ષમ ઇજનેર મારફતે થાય તે સંબંધિત કાર્યપાલક ઇજનેર(પંચાયત) એ સુનિશ્ચિત કરવાનં રહેશે.

(b) જો યોજનાનું અમલીકરણ સરકારી એજન્સી દ્વારા કરવામાં આવે તો રાજ્ય સરકારના પ્રવર્તમાન નિયમો/પરિપત્રો/ઠરાવોની જોગવાઇ મુજબ સક્ષમ સત્તાધિકારીશ્રીએ તાંત્રિક સુપરવિઝન કરવાનું રહેશે અને કામ પૂર્ણ થયેથી કમ્પ્લીશન સર્ટીફીકેટ આપવાનું રહેશે.

(c) દાતાશ્રી જાતે કામનું અમલીકરણ કરાવે અથવા સરકારી એજન્સી દ્વારા કામનું અમલીકરણ કરવામાં આવે, તે બંને કિસ્સામાં કામ પૂર્ણ થયે કમ્પ્લીશન સર્ટીફીકેટ PWD મેન્યુઅલ મુજબ તાંત્રિક ક્ષમતા ધરાવતાં સંબંધિત જિલ્લા પંચાયતના ઇજનેર દ્વારા આપવાનું રહેશે.

5. આ યોજના અંતર્ગત થનાર કામ જો ખાનગી માલિકી જમીન પર થનાર હોય તો, કામની મંજુરીના તબક્કે સદર જમીન દાતાશ્રીએ જે તે કામની સંપત્તિનો માલિકી હક ધરાવનાર સંબંધિત કચેરી કે રાજય સરકારને તબદીલ કરવા/કરાવવા અંગે બાંહેધરી આપવાની રહેશે. તેમજ જે તે કામનો વર્ક ઓર્ડર આપવામાં આવે તે પહેલા દાતાશ્રીએ વિધિસર દસ્તાવેજ કરી સદર ખાનગી જમીન જે તે કામની સંપત્તિનો માલિકી હક ધરાવનાર સંબંધિત કચેરી કે રાજય સરકારને તબદીલ કરવા/કરાવવાની રહેશે. વધુમાં, જે તે કામનું ટેન્ડર અમલીકરણ એજન્સીને આપતાં પહેલાં અથવા જો કામ દાતાશ્રી જાતે કરાવવા માંગતાં હોય તો દાતાને જે તે કામની વહીવટી મંજુરી આપતાં પહેલાં કામની મંજુરી આપનાર સક્ષમ સત્તાધિકારીશ્રી/સમિતિએ કામ અંતર્ગતની જમીન ગ્રામ પંચાયત કે સરકારશ્રીના નામે તબદીલ થઇ ગયા અંગેની ખાતરી કરી લેવાની રહેશે.

6. આ યોજના અંતર્ગતના કામો અંગે ઠરાવમાં કરવામાં આવેલ જોગવાઇઓ સિવાયના કોઇ પ્રશ્ન ઉદભવે તો તે અંગે નિર્ણય લેવાની સત્તા રાજ્ય સ્તરની કારોબારી સમિતિની રહેશે.

**(૬) યોજના હેઠળના કામો અંગે દાતાશ્રી અને રાજ્ય સરકારનો નાણાકીય ફાળો:**

1. વતનપ્રેમ યોજના હેઠળના કામો માટે પરિશિષ્ઠ-૧ માં દર્શાવેલ A અને B કેટેગરીનાં વર્ગીકરણમાં સરકારશ્રીની એજન્સી અથવા દાતાશ્રી કામનું અમલીકરણ કરે તે અન્વયે સરકારશ્રીનો ફાળો અને દાતાશ્રીનો ફાળો નીચે મુજબ રહેશે.

| કેટેગરી | સરકારશ્રીની એજન્સી દ્વારા કામની અમલવારી | | દાતાશ્રી દ્વારા કામની અમલવારી | |
|---|---|---|---|---|
| | સરકારશ્રીનો ફાળો | દાતાશ્રીનો ફાળો | સરકારશ્રીનો ફાળો | દાતાશ્રીનો ફાળો |
| A | 60% | 40% | 40% | 60% |
| B | 40% | 60% | 20% | 80% |

2. આ વતનપ્રેમ યોજના અંતર્ગતના કામો જો સરકારી કે પંચાયત હસ્તકની એજન્સી દ્વારા કરવામાં આવે તો દાતાશ્રીએ<u>શ્રેણી - A</u> માં દર્શાવેલ કામો માટે કામની અંદાજીત કુલ રકમના ૪૦% તેમનો ફાળો (અનુદાન) આપવાનો રહેશે અને બાકીનો ૬૦% ફાળો રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવશે.

3. જો દાતાશ્રી <u>શ્રેણી - B</u> માં દર્શાવેલ કામો અંતર્ગત દાન આપવા માંગતા હોય અને અમલીકરણ રાજ્ય કે પંચાયત હસ્તકની એજંસી કરે તો રાજ્ય સરકાર દ્વારા ફક્ત માટીકામ (તળાવ ઉંડા કરવા પ્રકારના કામ) ને સંબંધિત બાબતોમાં કોઇ ફાળો (અનુદાન) આપવામાં આવશે નહી તેમજ તે કામોમાં માટીકામને લગતી બાબતો સિવાયના કામના સરકારી SOR મુજબના અંદાજીત કુલ રકમના ફક્ત ૪૦% ફાળો રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવશે.

4. જો દાતાશ્રી પોતાની ઇચ્છાનુસારની કોઇ એજન્સી દ્વારા કામનું અમલીકરણ કરાવે તો શ્રેણી - A માં દર્શાવેલ કામો માટે કામની અંદાજીત કુલ રકમનો ૪૦% ફાળો (અનુદાન) અને શ્રેણી - B માં દર્શાવેલ કામો માટે કામની અંદાજીત કુલ રકમનો ૨૦% ફાળો રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવશે. તે સિવાયની રકમનો ફાળો દાતાશ્રીએ આપવાનો રહેશે.

5. જો દાતાશ્રી પોતાની ઇચ્છાનુસારની કોઇ એજન્સી દ્વારા કામ અમલીકરણ કરવા માંગે તો તે અન્વયેના કામોની દેખરેખ નીચે મુજબનો અનુભવ ધરાવતાં ઇજનેર દ્વારા કરાવવાની રહેશે.
   1. રૂ.૫.૦૦ લાખ સુધી: ઇજનેરનો આ પ્રકારના કામનો ન્યૂનતમ અનુભવ ૨ વર્ષ.
   2. રૂ.૫.૦૦ થી વધુ અને રૂ.૨૫.૦૦ લાખ સુધી : ઇજનેરનો આ પ્રકારના કામનો ન્યૂનતમ અનુભવ ૫ વર્ષ.
   3. રૂ.૨૫.૦૦ લાખથી વધુ: ઇજનેરનો આ પ્રકારના કામનો ન્યૂનતમ અનુભવ ૭ વર્ષ.

Validity unknown
Validity unknown
Signed by Darshan Desai
Under Secretary
Panchayat Rural Housing and Rural Development Department
Date: 2026.03.24 17:54:01 IST

6. આ યોજના અંતર્ગતના દાતાશ્રી દ્વારા અમલીકરણ કરાતાં કામોમાં કોઇ પણ સમસ્યા/વિલંબ/વધારાના ખર્ચ વગેરેના લીધે જે તે કામની કિંમતમાં ફેરફાર થશે તો વધારાની રકમ માટેની જવાબદારી સંપૂર્ણપણે દાતાશ્રીની રહેશે. જ્યાં સરકારી એજન્સી દ્વારા અમલીકરણ કરશે ત્યાં વધારાની રકમ સપ્રમાણ (Proportionate) દાતાશ્રી તથા સરકારશ્રીએ ભોગવવાનો રહેશે.

**(૭) દાતાશ્રીએ કામ કરાવવા બાબતેની જોગવાઇઓ:**

1. જો દાતાશ્રી પોતાની ઇચ્છાનુસારની કોઇ એજન્સી દ્વારા કામનું અમલીકરણ કરાવે તો કામને સંબંધિત કરારને લગતાં વિવાદોના સંજોગોમાં તે અંગેની જવાબદારી સંપૂર્ણપણે દાતાશ્રીની રહેશે.
2. જો દાતાશ્રી પોતાની ઇચ્છાનુસારની કોઇ એજન્સી દ્વારા કામનું અમલીકરણ કરાવે તો કામ પૂર્ણ કરવાની સમયમર્યાદા લંબાવવાની મંજુરી આપવામાં આવેલ હોઇ, તે સિવાયના સંજોગોમાં જો કામ ૩ (ત્રણ) વર્ષમાં પૂર્ણ ન થાય તો કામને લગતી જમીન, મિલકત, બાંધકામ, પ્રોજેક્ટ માટે લાવવામાં આવેલ માલ-સામાન તથા અન્ય તમામ સામાન/વસ્તુઓ/સાધનોની માલિકી કોઇ પણ પ્રકારના હકદાવા વગર સરકારને તબદીલ થયેલી ગણાશે. આવા સંજોગોમાં રૂ.૨૫.૦૦ લાખ સુધીના કામોમાં બાકી રહેલું જે તે કામ પૂર્ણ કરવા અંગે જિલ્લા કક્ષાની સમિતિએ નિર્ણય લઇ આગળની કાર્યવાહી કરવાની રહેશે તેમજ રૂ.૨૫.૦૦ લાખથી ઉપરના કામો માટે સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ ખાતાના વડાશ્રીની સમિતિને નિર્ણયાર્થે દરખાસ્ત રજૂ કરવાની રહેશે.

**(૮) ઉભી થનાર સંપત્તિ (Assets) ની માલિકી:**

કામ પૂર્ણ થયા બાદ ગામને લગતી સંપત્તિનો માલિકી હક ગ્રામ પંચાયતને તબદીલ કરવાનો રહેશે. કામ પૂર્ણ થયા બાદ રાજ્યને લગતી સંપત્તિનો માલિકી હક રાજ્ય સરકારના સંબંધિત વિભાગને તબદીલ કરવાનો રહેશે.

**(૯) કામોની મંજુરીને લગતી સત્તા:**

વતનપ્રેમ યોજના અન્વયેના કામો મંજુર કરવા માટેની સમિતિઓ અને તેની સત્તા મર્યાદા નીચે મુજબ રહેશે.

1. <u>જિલ્લા કક્ષાની સમિતિ</u>

| | | |
|---|---|---|
| ૧ | જિલ્લા વિકાસ અધિકારીશ્રી. | અધ્યક્ષ |
| ૨ | નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી | સભ્ય |
| ૩ | કાર્યપાલક ઇજનેર(પંચાયત),માર્ગ અને મકાન વિભાગ. | સભ્ય |
| ૪ | કાર્યપાલક ઇજનેર(પંચાયત), સિંચાઇ વિભાગ. | સભ્ય |
| ૫ | મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી | સભ્ય |
| ૬ | પ્રોગ્રામ ઓફિસર | સભ્ય |
| ૭ | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી | સભ્ય |
| ૮ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી | સભ્ય |
| ૯ | નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી | સભ્ય સચિવ |

2. <u>ખાતાના વડાની HOD કક્ષાની સમિતિ</u>

| | | |
|---|---|---|
| ૧ | વિકાસ કમિશનરશ્રી | અધ્યક્ષ |
| ૨ | અધિક વિકાસ કમિશનરશ્રી | સભ્ય સચિવ |
| ૩ | મુખ્ય ઇજનેરશ્રી(પંચાયત),માર્ગ અને મકાન. | સભ્ય |

| | | |
|---|---|---|
| ૪ | મુખ્ય ઈજનેરશ્રી(પંચાયત),સિંચાઇ. | સભ્ય |
| ૫ | નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ (આરોગ્ય વિભાગ) | સભ્ય |
| ૬ | કમિશનરશ્રી, આરોગ્ય (ગ્રામિણ) | સભ્ય |
| ૭ | કમિશનરશ્રી, મહિલા અને બાળ વિકાસ | સભ્ય |
| ૮ | મુખ્ય કારોબારી અધિકારીશ્રી, WASMO | સભ્ય |

3. વિભાગ કક્ષાની સમિતિ

| | | |
|---|---|---|
| ૧ | અ.મુ.સ.શ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી (પંચાયત) | અધ્યક્ષ |
| ૨ | અ.મુ.સ.શ્રી/ અગ્ર સચિવશ્રી/ સચિવશ્રી (પ્રાથમિક, માધ્યમિક શિક્ષણ-શિક્ષણ વિભાગ) | સભ્ય |
| ૩ | અ.મુ.સ.શ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી (મહિલા અને બાળવિકાસ વિભાગ) | સભ્ય |
| ૪ | અ.મુ.સ.શ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી (આરોગ્ય વિભાગ) | સભ્ય |
| ૫ | અધ્યક્ષશ્રી, NRG ફાઉન્ડેશન | સભ્ય |
| ૬ | મુખ્ય કારોબારી અધિકારીશ્રી, WASMO | સભ્ય |
| ૭ | મુખ્ય ઈજનેરશ્રી(પંચાયત) માર્ગ અને મકાન વિભાગ | સભ્ય |
| ૮ | મુખ્ય ઈજનેરશ્રી(પંચાયત) સિંચાઇ વિભાગ | સભ્ય |
| ૯ | સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી | આમંત્રિત સભ્ય |
| ૧૦ | વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય | સભ્ય સચિવ |
| ૧૧ | નાણા સલાહકારશ્રી(પંચાયત),નાણાવિભાગ | સભ્ય |

4. વતનપ્રેમ યોજના અન્વયેના કામો મંજુર કરવા માટેની સમિતિઓની સત્તા મર્યાદા નીચે મુજબ રહેશે.

| કામની રકમ | મંજુરી આપવા અંગેની સત્તા |
|---|---|
| રૂ. ૨૦.૦૦/- લાખ સુધીના કામ | જિલ્લા કક્ષાની સમિતિ |
| રૂ. ૨૦.૦૦/- લાખ થી વધુ અને રૂ.૦૧.૦૦/- કરોડ સુધીના કામ | ખાતાના વડાની (HOD) કક્ષાની સમિતિ |
| રૂ.૦૧.૦૦/- કરોડ થી વધુના કામ | વિભાગ કક્ષાની સમિતિ |

(૧૦) કામો પૂર્ણ કરવા અંગેની જોગવાઇ:

1. આ યોજના અંતર્ગત કરવાના થતાં કામો વર્ક ઓર્ડર આપ્યાની તારીખથી નીચે મુજબની સમયમર્યાદામાં પૂર્ણ કરવાના રહેશે.
   - રૂ. ૫.૦૦/- લાખ સુધીના કામો– ૧૨ માસ
   - રૂ. ૫.૦૦/- લાખથી વધુ અને રૂ. ૨૫.૦૦/- લાખ સુધીના કામો – ૧૮ મહિના
   - રૂ. ૨૫.૦૦/- લાખથી વધુ અને રૂ.૦૧.૦૦/- કરોડ સુધીના કામો – ૨૪ મહિના
   - રૂ.૦૧.૦૦/- કરોડ થી વધુ રકમના કામો– ૩૦ મહિના
2. અનિવાર્ય કારણોસર સદર યોજના હેઠળની સમયમર્યાદામાં કામ પૂર્ણ ન થયેલ હોય તેવા સંજોગોમાં ખાસ કિસ્સાઓમાં જે સત્તાધિકારીશ્રીએ કામની મંજુરી આપેલ હોય તે સત્તાધિકારીશ્રી તે કામ પૂર્ણ કરવા માટે વધુમાં વધુ ૧૨ મહિના સુધીનો સમય વધારવાની મંજુરી આપી શકશે.
3. આ યોજના અંતર્ગત ઉભી થયેલ મિલ્કત (Assets) Take Over થાય તેમજ સંપૂર્ણપણે પૂર્ણ થયેલ કામની માલિકીની વિગત રેવન્યુ રેકર્ડ પર ચોક્કસપણે લાવવાની જવાબદારી સંબંધિત તાલુકા વિકાસ અધિકારીશ્રીની રહેશે.
4. આ કામોનું જિઓ ટેગીંગ કરાવવું અને PM ગતિ શક્તિ પોર્ટલમાં મેપીંગ કરાવવું અને યોજના અન્વયે થનાર કામો અન્ય યોજનામાં બેવડાય

જોઈ તે સંબંધિત તાલુકા વિકાસ અધિકારીશ્રીએ સુનિશ્ચિત કરવાનું રહેશે

આ યોજના હેઠળ હાથ ધરવામાં આવતા કામોમાં "The Right of Persons with Disabilities Act 2016" (RPWD Act)ની જોગવાઈઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

6. આ તમામ કામોના એસ્ટીમેટમાં ૦૫ વર્ષના (O & M) (ઓપરેશન એન્ડ મેઈન્ટેન્સ)ના ખર્ચની જોગવાઈ, યુનિટ કોસ્ટમાં આવી જાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે અને જીલ્લા કક્ષાએ (O & M) (ઓપરેશન એન્ડ મેઈન્ટેન્સ) માટે Escrow એકાઉન્ટ અલગથી બનાવી મરામત અને નિભાવણી ખર્ચ ડીપોઝીટ તરીકે તે એકાઉન્ટમાં જમા કરવાની રહેશે.
7. આ યોજના હેઠળ કામોની મરામત અને નિભાવણીની જવાબદારી એસેટ્સની માલિકી જેની થતી હોય, તે ગ્રામ પંચાયત અથવા સંબંધિત વિભાગની રહેશે. પ્રથમ ૦૫ (પાંચ) વર્ષ દરમિયાન તે કામોની મરામત અને નિભાવણી માટે જિલ્લા કક્ષાના Escrow એકાઉન્ટમાં જમા રહેલ મરામત અને નિભાવણી ખર્ચની ડીપોઝીટનો ઉપયોગ કરી શકાશે.
8. ઓનલાઈન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.
9. બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.
10. રેલ્વે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરીની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવા જરૂરી કલીયરન્સ મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્ક ઓર્ડર આપતાં પહેલાં જરૂરી ચોકસાઈ કરી લેવાની રહેશે.
11. સદર બાંધકામ અંગેની કામગીરી પ્રોજેક્ટને અસર ન થાય તે રીતે નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે. આ બાંધકામ અંગે જો કોઈ લીટીગેશન, પબ્લિક કોર્ટ કેસ પડતર હોય તો પ્રોજેક્ટને અસર ન થાય તે રીતે નિયત સમયમર્યાદામાં યોગ્ય નિકાલ કરવાનો રહેશે.
12. આ યોજનાની અમલવારી અર્થે કોઈ અન્ય વિભાગ સાથેના Linkagesની કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે.
13. સદર યોજનાની દર ૩ (ત્રણ) વર્ષે સમીક્ષા કરવાની રહેશે.

**(૧૧) નાણાકીય વ્યવહારો અને યોજનાના અમલીકરણ માટેની શરતો:**

1. જે તે કામ કરવા પેટે દાતાશ્રીના ફાળે આવતી કુલ નાણાકીય રકમ તેમની પાસેથી એડવાન્સ (જમા) લેવાની રહેશે. કામની પ્રગતિ મુજબ રાજ્ય સરકારના હિસ્સાની રકમ (ફાળો) નીચે મુજબ કુલ બે તબકકામાં વિકાસ કમિશનરશ્રી દ્વારા ફાળવવાની રહેશે.

| તબક્કો | સ્થિતિ | રાજ્ય સરકાર દ્વારા ફાળવવાની થતી રકમ |
|---|---|---|
| પ્રથમ | કામમાં ૪૦% જેટલી નાણાકીય પ્રગતિ બાદ. | ૫૦% |
| બીજો | દાતાશ્રીએ જમા કરાવેલ રકમ અને સરકારશ્રીએ પ્રથમ તબક્કાની ફાળવેલ રકમના ૧૦% રકમ જ બચત રહે ત્યારે. | બાકીના ૫૦% |

2. વતન પ્રેમ યોજના સોસાયટી અંતર્ગત રાજ્ય કક્ષાએ Escrow બેંક એકાઉન્ટ તેમજ જિલ્લા કક્ષાએ વતન પ્રેમ યોજના સોસાયટી હેઠળ અલગથી કુલ ૦૨ (બે) બેંક એકાઉન્ટ ખોલાવવાના રહેશે. જિલ્લા કક્ષાએ ખોલાવેલ બેંક એકાઉન્ટ પૈકી એક એકાઉન્ટ વતન પ્રેમ યોજના અંતર્ગત દાતાશ્રી તથા સરકારશ્રીના અનુદાનની નિયત થયેલ કામ માટે પાંચ વર્ષના નિભાવણી અને મરામતની રકમ ડીપોઝિટ તરીકે જમા કરવાની રહેશે. અન્ય એકાઉન્ટમાં કેપિટલ ખર્ચનો ફાળો રાખવાનો રહેશે.
3. દાતાશ્રી દ્વારા જે તે કામને લગતી દાનની રકમ આ યોજના હેઠળ ખોલાવવામાં આવેલ Escrow એકાઉન્ટમાં જમા કરાવવાની રહેશે. દાનની રકમ જમા કરાવ્યાના ૩૦ (ત્રીસ) દિવસમાં જે તે કામની તાંત્રિક અને વહીવટી મંજૂરી મેળવવાની કાર્યવાહી સંબંધિત તાલુકા વિકાસ અધિકારીશ્રીએ પૂર્ણ કરાવવાની રહેશે. કામની પ્રગતિ મુજબ તાલુકા વિકાસ અધિકારીશ્રીએ થયેલ કામગીરીનો અહેવાલ જિલ્લા વિકાસ અધિકારીશ્રીને સુપ્રત કરવાનો રહેશે.
4. આ યોજના હેઠળ CSR ફંડ, ધારાસભ્યશ્રી અને સાંસદશ્રીની ગ્રાન્ટમાંથી મળતી અનુદાનની રકમ રાજ્ય સરકારના અનુદાન તરીકે ગણવાની રહેશે.

5. કોઇ પણ સરકારી ગ્રાન્ટનો ખર્ચ કરવામાં આવે તે તમામ ગ્રાન્ટને યોજના માટેનું સરકારી અનુદાન ગણવાનું રહેશે. આ માટે [illegible] અધિકારીશ્રી દ્વારા સક્રિય રીતે અન્ય યોજનાઓમાંથી ગ્રાન્ટ મેળવવાની કાર્યવાહી કરવાની રહેશે.
6. વતનપ્રેમ યોજનાની અમલવારી અર્થે વહીવટી અને IEC ને લગતાં ખર્ચને પહોંચી વળવા માટે યોજનાની કુલ બજેટ જોગવાઈના ૩% રકમ ખર્ચ કરી શકાશે.
7. યોજના હેઠળ થતા દરેક કામોનો પ્રોજેક્ટ વાઇઝ અલગ હિસાબ જિલ્લા કક્ષાએ નિભાવવાનો રહેશે.
8. આ યોજના અન્વયેની પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની જવાબદારી વિકાસ કમિશનરશ્રી કચેરીની રહેશે. વધુમાં મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
9. આ યોજનાના નાણાં આ યોજના સિવાયની અન્ય કોઇ યોજના / હેતુ માટે વાપરી શકાશે નહી.
10. આ યોજના હેઠળ અંદાજપત્રીય જોગવાઇની મર્યાદામાં જ સહાય ચુકવાય તેની તકેદારી વિકાસ કમિશનરશ્રીની કચેરીએ રાખવાની રહેશે.
11. આ યોજનાનું Social audit અને Third party verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.
12. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
13. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરેન્ડર કરવાની રહેશે.
14. મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.
15. આ યોજનાના કામે કોઇ હયાત સ્ટ્રકચર કે બાંધકામ તોડી પાડવાનું હોય તો બાંધકામ તોડી પાડવાની અનુમતી સક્ષમ કક્ષાએથી મેળવ્યા બાદ ગ્રાંટ રીલીઝ કરવાની તકેદારી રાખવાની રહેશે.
16. સમગ્ર પ્રોજેક્ટ તેની વહીવટી મંજુરીની મર્યાદામાં સમયસર પૂર્ણ થાય તે રીતે સમયબધ્ધ નાણાકીય આયોજન કરવાનું રહેશે. તે માટેના જરૂરી નાણાકીય સ્ત્રોત પાસેથી સમયસર ફંડ ઉપલબ્ધ થાય તેનું આયોજન કરવાનું રહેશે.
17. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
18. આ યોજના અંગેનો ખર્ચ સીડીપી-૧૭ વતનપ્રેમ યોજના હેઠળના જનરલ બજેટ સદરે માંગણી ક્રમાંક: ૭૦-૨૫૧૫-૦૦-૧૦૨-૦૯, SCSP સદરે માંગણી ક્રમાંક ૯૫-૨૫૧૫-૦૦-૮૦૦-૦૮ અને TASP સદરે માંગણી ક્રમાંક ૯૬-૨૫૧૫-૦૦-૭૯૬-૨૦ માંથી કરવાનો રહેશે.
19. વતનપ્રેમ યોજનાનો આ સુધારા ઠરાવ પ્રસિધ્ધ થયેથી તેનો અમલ કરવાનો રહેશે. આ યોજનાના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૨૯/૦૭/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક: એમવીવાય/૧૦૨૦૨૦/૨૭૩૨૧૫/લથી નક્કી કરવામાં આવેલી વતન પ્રેમ સોસાયટી, ગવર્નિંગ બોડી, કારોબારી સમિતિ તથા સોસાયટીને સંલગ્ન આનુષંગિક જોગવાઇઓ યથાવત રહેશે.

આ સુધારા ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા................તથા સરકારશ્રીની તા..................ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દર્શન દેસાઇ)

ઉપ સચિવ

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

બિડાણ – પરિશિષ્ઠ-૧

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, લોકભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન..મંત્રીશ્રી(પંચાયત), સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર

Validity unknown
Signed by Darshan Desai
Under Secretary
Panchayat Rural Housing and Rural Development Department
Date : 2026.03.24 17:54:01 IST
File No: PRHRDD/VPY/e-file/14/2024/4508/Section - L
Approved By: Cabinet Minister,PRH_RD_Min_Office,PRHRDD
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

- માન. રા.ક.મંત્રીશ્રી (પંચાયત), સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન.મંત્રીશ્રી/ રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી. સ્વર્ણિમ સંકુલ-૧ અને ૨, સચિવાલય, ગાંધીનગર
- માન. મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી (સર્વે વિભાગો), સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (નાણા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (પંચાયત) ના અંગત સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી (પંચાયત), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી (વિકાસ કમી.શ્રીની કચેરી મારફત....)
- તમામ તાલુકા વિકાસ અધિકારીશ્રી (જિ.વિ.અ.શ્રીની કચેરી મારફત....)
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર / અમદાવાદ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
- નાયબ સચિવશ્રી (બજેટ), પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સેક્શન અધિકારીશ્રી સિલેક્ટ ફાઈલ
- શાખા સિલેક્ટ ફાઈલ

## પરિશિષ્ઠ-૧

(કામોનું શ્રેણીમાં વિભાજન તથા બાંધકામને લગતા કામોના સુચિત એરિયાની વિગત)

| ક્રમ | કામોની વિગત | કામની શ્રેણી | બાંધકામનો સૂચિત એરિયા |
|---|---|---|---|
| 1 | સરકારી શાળાના ક્લાસરૂમ / સ્માર્ટ ક્લાસરૂમ/ લાયબ્રેરી / કોમ્પ્યુટર રૂમ (કમ્પ્યુટર સાથે) | A | ૫૦૦ ચોરસ ફૂટ |
| | સરકારી શાળાનો સ્ટોરરૂમ. | A | ૨૫૦ ચોરસ ફૂટ |
| 2 | કોમ્યુનિટી હોલ. | A | ૧,૫૦૦ ચોરસ ફૂટ |
| 3 | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર / સામુહિક આરોગ્ય કેન્દ્ર / આયુષ ડીસ્પેન્સરી /પશુ દવાખાનું (પશુ સારવાર સેન્ટર) - સંબંધિત વિભાગ દ્વારા જગ્યાઓનું સેટઅપ મંજૂર થયેલ હોવું જોઈશે. | A | આરોગ્ય વિભાગની ટાઇપ ડીઝાઇન મુજબ |
| 4 | આંગણવાડી. | A | મહિલા અને બાળ વિકાસ વિભાગની ટાઇપ ડીઝાઇન મુજબ |
| 5 | મધ્યાહન ભોજનનું રસોડુ+શેડ. | A | શિક્ષણ વિભાગ/સર્વ શિક્ષા અભિયાનની ટાઇપ ડીઝાઇન મુજબ |
| 6 | સરકારી શાળા, કોલેજ, ટ્રેનિંગ સેન્ટર (સંબંધિત વિભાગ દ્વારા જગ્યાનું સેટઅપ મંજૂર થયેલ હોવું જોઈએ.) | A | સરકારશ્રીની જોગવાઈઓ મુજબ ટાઈપ [illegible] |
| 7 | પુસ્તકાલય / ઈંટરનેટ સંલગ્ન પુસ્તકાલય | A | ૫૦૦ ચોરસ ફૂટ |
| 8 | સ્મશાનગૃહ. | A | - |
| 9 | વેસ્ટ વોટર ટ્રીટમેન્ટ ફેસીલીટી | A | વસ્તીના ધોરણે ૭૦ LPCD લિક્વીડ વેસ્ટ મુજબ |
| 10 | એસ.ટી.સ્ટેન્ડ. | A | - |
| 11 | દુધ મંડળીનું મકાન. | A | ૬૦૦ ચોરસ ફૂટ |
| 12 | સામુહિક શૌચાલય. | A | ગ્રામ વિકાસ વિભાગની ટાઇપ ડીઝાઇન મુજબ |
| 13 | પશુઓ માટે હવાડાની સુવિધા. | A | - |
| 14 | પાણીની પરબ | A | - |
| 15 | ગામના આંતરિક રસ્તા/ગટર/સ્ટ્રીટ લાઇટ | A | જરૂરીયાત મુજબ |
| 16 | રાજ્ય સરકાર હસ્તકની નિવાસી શાળા/કોલેજની હોસ્ટેલ અથવા રસોડું અથવા અન્ય સુવિધાઓ | A | સંબંધિત વિભાગની ટાઇપ ડીઝાઇન મુજબ |
| 17 | ચબુતરો | A | - |
| 18 | સોલાર રુફ ટોપ (સરકારી/ગ્રાંટેડ સંસ્થાઓ માટે) | A | - |
| 19 | અટલવાડી | A | ૫૫૦ ચોરસ મીટર |
| 20 | સરકારી શાળામાં વિદ્યાર્થીઓ માટે ઉપયોગી રમતગમતના સાધનો/વિજ્ઞાન પ્રયોગશાળાને લગતાં સાધનો તથા વસ્તુઓ/ ઇન્ટરનેટ કનેક્ટીવીટી | A | - |
| 21 | સી.સી.ટી.વી. કેમેરા સહિતની સર્વેલન્સ સિસ્ટમ. | B | - |
| 22 | અમૃત સરોવર પ્રકારે તળાવ બ્યુટીફીકેશન | B | - |

જિલ્લા, રાજ્ય કે દેશ બહાર વસતા કોઈ પણ દાતા અથવા ગામના વ્યક્તિના દાન અને રાજ્ય સરકારશ્રીના અનુદાનથી ગામડાઓમાં વધુ સારી સગવડો ઉભી કરવાની અને દાતાઓને પ્રોત્સાહન આપવાની "વતન પ્રેમ યોજના" માં સુધારા-વધારા કરવા બાબત. વતનપ્રેમ યોજના અંતર્ગત માળખાકીય સુવિધાઓ ઉભી કરવા બાબત (CDP-17) ને અંદાજપત્ર વર્ષ ૨૦૨૫-૨૬ માં નવી બાબત તરીકે રૂ. ૫.૦૦ કરોડની વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર

પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

**ઠરાવ ક્રમાંક : PRHRDD/VPY/e-file/14/2024/4508/Section – L**

સચિવાલય, ગાંધીનગર.

તા.e-sign મુજબ

વંચાણે લીધા:

(૧) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા.૧૮/૦૮/૨૦૨૦ નો ઠરાવ ક્રમાંક: એમવીવાય/૧૦૨૦૨૨/...

(૨) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા.૧૧/૦૬/૨૦૨૧ નો ઠરાવ ક્રમાંક: એમવીવાય/૧૦૨૦૨૦/૫...

(૩) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા.૨૯/૦૭/૨૦૨૧ નો ઠરાવ ક્રમાંક: એમવીવાય/૧૦૨૦૨૦/...

(૪) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા.૨૦/૦૬/૨૦૨૨ નો પરિપત્ર ક્રમાંક: એમવીવાય/૧૦૨૦૨૧/૩૦૬...

(૫) વિકાસ કમિશનરશ્રીની કચેરીનો તા.૩૦/૧૧/૨૦૨૪ ના પત્રક્રમાંક: વિ.ક./કાર્યક્રમ/યુ-૪/ વશી/વતનપ્રેમ/૨૨/૨૦૨૪

(૬) વિકાસ કમિશનરશ્રીની કચેરીનો તા.૧૭/૦૩/૨૦૨૫નો પત્રક્રમાંકDCO/e-file/263/ 2025/ 1005/ PROGRAMME BRANCH

(૭) વિકાસ કમિશ્નરશ્રીની કચેરીનો તા.૨૦/૦૬/૨૦૨૪ નો પત્ર ક્રમાંક:DCO/0238/06/2024

(૮) વિકાસ કમિશ્નરશ્રીની કચેરીની તા.૧૭/૦૫/૨૦૨૫ ની નવા સૂચિત ઠરાવ અંગેની દરખાસ્ત

**આમુખ:-**

વંચાણે લીધા (૧) પરના તા.૧૮/૦૮/૨૦૨૦ ના ઠરાવથી જિલ્લા, રાજ્ય કે દેશ બહાર વસતા કોઈ પણ દાતા અથવા ગામના વ્યક્તિના દાન અને રાજ્ય સરકારશ્રીના અનુદાનથી ગામડાઓમાં વધુ સારી સગવડો ઉભી કરવા અને દાતાઓને પ્રોત્સાહન આપવા માટે માદરે વતન યોજના અમલમાં મૂકવામાં આવેલ હતી. જેમાં સુધારો કરીને વંચાણે લીધા (૩) પરના તા.૨૯/૦૭/૨૦૨૧ ના સુધારા ઠરાવથી "વતનપ્રેમ યોજના" અમલમાં મુકવામાં આવેલ છે.

ગુજરાતના ગામડાઓના સર્વાંગી વિકાસના કાર્યો અને ઉત્તમ જનસુવિધાઓ માટે વતન પ્રેમને વતન સેવા સુધી લઈ જવા, વતન પ્રેમીઓને જન્મભૂમિ/માતૃભૂમિનું ઋણ ચૂકવવાની ઉત્તમ તક આપવા તેમજ જનહિત વિકાસ કાર્યોમાં જન ભાગીદારીના સૌથી મોટા અભિયાન તરીકે સદર યોજના રાજ્ય સરકારશ્રી દ્વારા દાખલ કરવામાં આવેલ છે. જે દ્વારા સરકાર, દાતાઓ તેમજ ગામના લોકો વચ્ચે જન કલ્યાણ-વિકાસકીય ત્રિવેણી સંગમ થકી ગામમાં સુવિધાઓ વધવાથી ગામની જીવંતતા વધારવાની કલ્યાણકારી ભાવના સાથેની આ યોજના અમલમાં મૂકવામાં આવેલ છે.

આ યોજનાની અગત્યતા અને તેની વ્યાપ ધ્યાને લઈ યોજનાને વધુમાં વધુ સફળતા મળે તેમજ યોજના ગતિમાન બને તે માટે વંચાણે લીધા (૩) પરના તા.૨૯/૦૭/૨૦૨૧ ના ઠરાવની જોગવાઈઓમાં જરૂરી સુધારા-વધારા કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

જેના અનુસંધાને વંચાણે લીધા (૭) પરના વિકાસ કમિશનરશ્રીની કચેરીના તા.૨૦/૦૬/૨૦૨૪ ના પત્ર અન્વયે 'વતનપ્રેમ યોજના' માં

સુધારા-વધારા કરવા અંગેની ફાઈલ સરકારશ્રીને રજુ કરતાં, પ્રસ્તુત બાબતને નવી બાબત તરીકે રજુ કરવા જણાવેલ. જે અન્વયે વિકાસ કમિશ્નરશ્રીની કચેરી દ્વારા વંચાણે લીધા ક્રમાંક (૫) પરના તા.૩૦/૧૧/૨૦૨૪ ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્તને નાણા વિભાગે સૈધ્ધાંતિક મંજૂરી આપેલ. તે અનુસાર વર્ષ ૨૦૨૫-૨૬ ના અંદાજપત્રમાં જોગવાઈ કરવામાં આવેલ છે. તેથી વંચાણે લીધા (૬) પરના વિકાસ કમિશનરશ્રીની કચેરીના તા.૧૭/૦૩/૨૦૨૫ ના પત્ર અન્વયે સદરહુ નવી બાબતને વહીવટી મંજૂરી આપવા અંગેની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે પ્રસ્તુત નવી બાબત હેઠળની વર્ષ ૨૦૨૫-૨૬ ના અંદાજપત્રમાં કરવામાં આવેલ જોગવાઈ નીચે મુજબ છે.

| પ્રકાર | મૂળભૂત વિગત | જોગવાઈ ૨૦૨૫-૨૬ | સદર | બજેટ હેડ |
|---|---|---|---|---|
| નવી બાબત | સીડીપી-૧૭ વતનપ્રેમ યોજના | ૫.૦૦ કરોડ | જનરલ | ૭૦-૨૫૧૫-૦૦-૧૦૨-૦૯ |

સદર જોગવાઈને ખર્ચ કરવા માટેની વંચાણે લીધેલ ક્રમ (૬) પરની વિકાસ કમિશનરશ્રીની કચેરીની દરખાસ્તને નાણા વિભાગ દ્વારા આપવામાં આવેલ વહીવટી મંજુરી અનુસાર સદરહુ નવી બાબતને અત્રેથી વહીવટી મંજુરી આપવામાં આવે છે તથા વંચાણે લીધા (૭) અને (૮) પરની વિકાસ કમિશનરશ્રીની કચેરીની દરખાસ્ત અન્વયે વતન પ્રેમ યોજનાની જોગવાઈઓમાં જરૂરી સુધારા-વધારા કરી નીચેની જોગવાઈઓને આધિન અમલીકરણ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

**(૧) આ યોજનાનું નામ 'વતન પ્રેમ યોજના" રહેશે.**

**(૨) યોજનાની જોગવાઈ**

- ગામ એટલે ગ્રામ પંચાયત ધરાવતું ગામ
- દાતા :- જે વ્યકિત ગામમાં જન્મી હોય કે તેના વડવાઓએ તે ગામમાં વસવાટ કરેલા હોય અને ગ્રામ પંચાયત વિસ્તારમાં તેમના વસવાટના આધારે ગામની હોય તેવી જિલ્લા / રાજ્ય / દેશ બહાર ગમે ત્યાં વસવાટ કરતી હોય અથવા ગામ માટે લાગણી ધરાવતી કોઇ પણ વ્યકિત.

**(૩) યોજના હેઠળ લઈ શકાય તેવા કામોની સુચિ:-**

૧. શાળાના ઓરડા અથવા સ્માર્ટ ક્લાસરૂમ

૨. કોમ્યુનિટી હોલ

૩. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (આરોગ્ય વિભાગ દ્વારા રોટ અપ મંજૂર થયેલ હોવું જોઈએ.)-પેટા આરોગ્ય કેન્દ્રનું મકાન

૪. આંગણવાડી

૫. મધ્યાહ્ન ભોજનનું રસોડુ+શેડ

૬. સરકારી શાળાનું સ્ટોરરૂમ.

૭. પુસ્તકાલય

૮. રમત ગમત માટે વ્યાયામ શાળાનું મકાન અને સાધનો.

૯. સી.સી.ટી.વી. કેમેરા સર્વેલન્સ સિસ્ટમ

૧૦. સ્મશાનગૃહ

૧૧. વોટર રીસાયકલીંગ માટે STP

૧૨. તળાવ બ્યુટીફીકેશન

૧૩. એસ.ટી.સ્ટેન્ડ

૧૪. પાણી માટે સોલર એનર્જી સંચાલિત મોટર

૧૫. પાણી સંચય માટે કુવા/ટાંકી/સંપ

૧૬. દુધ મંડળીનું મકાન

૧૭. પશુ સારવાર સેન્ટર

૧૮. પંચવટી યોજના હેઠળ ઉદ્યાન બનાવવુ

૧૯. સામુહિક શૌચાલય

૨૦. પશુઓ માટે હવાડાની સુવિધા

૨૧. પરબ

૨૨. ગામના આંતરિક રસ્તા

(૪) દાતા

1. સદર યોજના હેઠળના કામોના નિયત ખર્ચ પૈકી દાતાશ્રી પોતાના ગામમાં ૪૦ %ટકા રકમનું દાન આપીને કામ કરાવી શકશે અને દાતાશ્રીએ આપેલ રકમની સામે ખૂટતી ૬૦ % ટકા રકમનું અનુદાન રાજ્ય સરકાર કરશે.
2. વધુમાં NRI (Non Resident Indian) /NRG (Non Resident Gujarati) ઉપરાંત અન્ય જિલ્લામાં વસવાટ કરતા દાતાશ્રી પણ પોતાના જન્મભુમિના ગામમાં દાન કરી શકશે જેથી પારસ્પરિક જિલ્લાઓમાં રહેતા વ્યક્તિઓ પણ દાતા બની શકે અને આ યોજનાને વધુ વેગ મળી શકે.
3. આ ઉપરાંત દાતાશ્રીઓ દ્વારા ૧ કરોડથી વધુ રકમના કામ માટે કારોબારી સમિતિની મંજુરી મેળવવાની રહેશે.
4. દાતાશ્રી દ્વારા ઉકત કામો સિવાયના અન્ય કામો સુચવવામાં આવે ત્યારે તેવા કામો માટે ગવર્નિંગ બોડીની મંજૂરી મેળવવાની રહેશે.
5. બે કે તેથી વધુ દાતાઓ સંયુક્ત ભાગીદારીથી પણ કાર્ય કરી શકશે.
6. વતન પ્રેમ યોજના અંતર્ગત દાતાશ્રી દ્વારા દાન આપવામાં આવેલ હોય પરંતુ એક વર્ષના સમયગાળા સુધી પણ કામ શરૂ થયેલ ન હોય તેવા કિસ્સામાં દાનની રકમ દાતાશ્રીની માંગણી થયેથી પરત કરી શકાશે.
7. આ યોજના હેઠળ પૂર્ણ થયેલ કામોમાં દાતા સૂચવે તે નામાભિધાન અથવા નામની તક્તી સરકારે નક્કી કરેલ એક સમાન ડિઝાઇન પ્રમાણે રાખવાની રહેશે.

(૫) સમિતિ

ગવર્નિંગ બોડીની બેઠક દર વર્ષે ઓછામાં ઓછી એક વાર અને કારોબારી સમિતિની બેઠક ઓછામાં ઓછી ત્રણ મહિનામાં એક વાર અથવા જો જરૂરી હોય તો તેના કરતાં વધુ વખત યોજવાની રહેશે.

(૬) કામો અંગેની જોગવાઇ

1. વતન પ્રેમ યોજના અંતર્ગત કરવાના થતાં કામો વર્ક ઓર્ડર આપ્યાના તારીખથી એક વર્ષમાં પૂર્ણ કરવાના રહેશે. અનિવાર્ય કારણોસર કામ પૂર્ણ થયેલ ન હોય તેવા સંજોગોમાં કામ પૂર્ણ કરાવવા જિલ્લા વિકાસ અધિકારીશ્રીની મંજૂરી મેળવી વધુમાં વધુ એક વર્ષ સુધીનો સમય વધારી શકાશે.
2. વતનપ્રેમ યોજના અંતર્ગત ઉભી થયેલ એસેટ Take Over થાય તે સંબંધિત વિભાગે જોવાનું રહેશે તેમજ સંપૂર્ણપણે પૂર્ણ થયેલ કામની માલિકીની વિગત રેવન્યુ રેકર્ડ પર ચોક્કસપણે લાવવાની જવાબદારી સંબંધિત તાલુકા વિકાસ અધિકારીશ્રીની રહેશે.
3. આ કામોનું જિઓ ટેંગીગ કરાવવું અને PM ગતિ શક્તિ પોર્ટલમાં મેપીંગ કરાવવું અને યોજના અન્વયે થનાર કામો અન્ય યોજનામાં બેવડાય નહીં તે સંબંધિત તાલુકા વિકાસ અધિકારીશ્રીએ સુનિશ્ચિત કરવાનું રહેશે.
4. આ યોજના હેઠળ હાથ ધરવામાં આવતા કામોમાં "The Right of Persons with Disabilities Act 2016" (RPWD Act) ની જોગવાઇઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.
5. આ તમામ કામોના એસ્ટીમેટમાં ૫ વર્ષના (O & M) (ઓપરેશન એન્ડ મેઇન્ટેન્સ)ના ખર્ચની જોગવાઇ, યુનિટ કોસ્ટમાં આવી જાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે અને જીલ્લાકક્ષાએ (O & M) (ઓપરેશન એન્ડ મેઇન્ટેન્સ) માટે Escrow એકાઉન્ટ અલગથી બનાવી મરામત અને નિભાવણી ખર્ચ ડીપોઝીટ તરીકે તે એકાઉન્ટમાં જમા રાખવાનું રહેશે.
6. આ યોજના હેઠળ કામોની મરામત અને નિભાવણીની જવાબદારી સંબંધિત વિભાગની રહેશે. પ્રથમ પાંચ વર્ષ દરમિયાન તે કામોની મરામત અને નિભાવણી માટે જિલ્લા કક્ષાએના Escrow એકાઉન્ટમાં જમા રહેલ મરામત અને નિભાવણી ખર્ચની ડીપોઝીટનો ઉપયોગ કરી શકાશે.
7. આ યોજના હેઠળ હાથ ધરવાના કામો સંબંધિત જમીન દાતાશ્રીની માલિકીની હોય તેવા પ્રસંગે વિધિસર દસ્તાવેજ કરી જમીન સહિતની મિલકત ગ્રામ પંચાયતને સોપવાની રહેશે. જે બાબતની નોંધ રેવન્યુ રેકર્ડ પર થઇ થાય તે બાબતની ખરાઇ તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા કરવાની

રહેશે.

8. આ યોજના હેઠળ કોઈ અસ્ક્યામતના મરામત અને નિભાવણીના કામો માટે રૂ. ૫.૦૦ લાખ કે તેથી વધુના કામોની સરકારી "No Match Grant" ના આધારે મંજુરી આપી શકાશે.

9. આ યોજના અન્વયે પારદર્શક પ્રક્રિયા અનુસરવાની રહેશે.

10. ઓનલાઈન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

11. યોજના હેઠળ થતા કામો અન્વયે સમયાંતરે મોનીટરીંગ થાય તે અંગેની યોગ્ય વ્યવસ્થા વિકાસ કમિશનરશ્રીની કચેરીએ કરવાની રહેશે.

12. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

13. બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે વિભાગે તત્કાલીન પ્રવર્તમાન S.O.R મુજબ નકશા-અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે. સદર બાંધકામ અંગેની ટાઈપ ડીઝાઈન માર્ગ અને મકાન વિભાગ/સંબંધિત વિભાગ/ નિયત થયેલ સંસ્થા પાસેથી તૈયાર કરવાની રહેશે.

14. બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

15. આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી વિકાસ કમિશનરશ્રીની કચેરીની કક્ષાએ સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાના રહેશે.

16. રેલ્વે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવા જરૂરી કલીયરન્સ મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્કઓર્ડર આપતાં પહેલાં જરૂરી ચોકસાઈ કરી લેવાની રહેશે.

17. જમીન સંપાદન / પુન: સ્થાપન કે પુન: વસન વિ. કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે.

18. સદર બાંધકામ અંગેની કામગીરી પ્રોજેક્ટને અસર ન થાય તે રીતે નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે. આ બાંધકામ અંગે જો કોઈ લીટીગેશન, પબ્લિક કોર્ટ કેસ પડતર હોય તો પ્રોજેક્ટને અસર ન થાય તે રીતે નિયત સમયમર્યાદામાં યોગ્ય નિકાલ કરવાનો રહેશે.

19. આ યોજનાની અમલવારી અર્થે કોઈ અન્ય વિભાગ સાથેના Linkagesની કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે.

20. આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

21. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ તેના સુચારુ ઉપયોગ અને અમલવારી માટે operation and maintenance ની યોગ્ય વ્યવસ્થા અને આયોજન થાય તે વિકાસ કમી.શ્રીની કચેરીએ સુનિશ્ચિત કરવાનું રહેશે.

22. પ્રોજેક્ટની પૂર્વની ઉપલબ્ધતા, પ્રોજેક્ટ ઈનપુટ, ડીઝાઈન, માળખાગત સુવિધાઓ, સ્થળની કામગીરી માટેની તૈયારી વિગેરે ની કામગીરી પૂર્ણ થયા બાદ જ પ્રોજેક્ટ શરૂ કરવાનો રહેશે.

23. પ્રોજેક્ટ માટે જરૂરી બોર્ડ/ વહીવટી/ તાંત્રિક મંજુરી/ ઈનવેસ્ટમેંટ મંજુરીઓની વિગતો સક્ષમ સતાધિકારી પાસેથી સમયસર મેળવી લેવાની રહેશે.

24. પ્રોજેક્ટમાં આધુનિક ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ કરી કામગીરી હાથ ધરવાની રહેશે.

25. સદર યોજનાની દર ૫ (પાંચ) વર્ષે સમીક્ષા કરવાની રહેશે.

26. સદર યોજના અંતર્ગત સરકારશ્રી દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવતાં ઠરાવ/સુધારા ઠરાવની તમામ શરતોનું પાલન કરવાનું રહેશે.

**(૭) નાણાકીય વ્યવહારો**

- સરકારશ્રીના હિસ્સા તરીકે ફાળવવાની થતી ૬૦% રકમ નીચે મુજબ કુલ બે તબકકામાં ફાળવવાના થાય છે.

| તબક્કો | સ્થિતિ | ફાળવવાની થતી રકમ |
|---|---|---|
| પ્રથમ | દાતાશ્રી દ્વારા ફાળવવામાં આવેલ દાનની રકમ મુજબ ૪૦% કામ પુર્ણ થયા બાદ વિકાસ કમિશ્નરશ્રીની કચેરીએ આપવાની થતી રકમ | ૩૦% લેખે |
| બીજો | ૧૦૦% કામ પૂર્ણ થયેથી ફાળવવાની થતી રકમ | ૩૦% લેખે |

વતન પ્રેમ યોજના સોસાયટી અંતર્ગત રાજ્યકક્ષાએ Escrow બેંક એકાઉન્ટ તેમજ જિલ્લા કક્ષાએ વતન પ્રેમ યોજના સોસાયટી હેઠળ અલગથી કુલ બે બેંક એકાઉન્ટ ખોલાવવાના રહેશે. જિલ્લા કક્ષાએ ખોલાવેલ બેંક એકાઉન્ટ પૈકી એક એકાઉન્ટ વતન પ્રેમ યોજના અંતર્ગત દાતાશ્રી તથા સરકારશ્રીના અનુદાનની નિયત થયેલી કામની યુનિટ કોસ્ટમાં સમાવિષ્ટ થયેલ પાંચ વર્ષના નિભાવણી અને મરામતની રકમ ડીપોઝિટ તરીકે જમા કરવાની રહેશે.

2. દાતાશ્રી દ્વારા જે તે કામને લગતી દાનની રકમ આ યોજના હેઠળ ખોલાવવામાં આવેલ Escrow એકાઉન્ટમાં જમા કરાવવાની રહેશે. દાનની રકમ જમા કરાવ્યાના ૩૦ (ત્રીસ) દિવસમાં જે તે કામની તાંત્રિક અને વહીવટી મંજૂરી મેળવવાની કાર્યવાહી સંબંધિત તાલુકા વિકાસ અધિકારીશ્રીએ પૂર્ણ કરાવવાની રહેશે. કામની પ્રગતિ મુજબ તાલુકા વિકાસ અધિકારીશ્રીએ થયેલ કામગીરીનો અહેવાલ જિલ્લા વિકાસ અધિકારીશ્રીને સુપ્રત કરવાનો રહેશે.
3. CSR ફંડ, ધારાસભ્યશ્રી અને સાંસદશ્રીની ગ્રાન્ટમાંથી મળતી અનુદાનની રકમ સરકારશ્રીના અનુદાન તરીકે ગણવાની રહેશે.
4. કોઇ પણ સરકારી ગ્રાન્ટનો ખર્ચ કરવામાં આવે તે તમામ ગ્રાન્ટને યોજના માટેનું સરકારી અનુદાન ગણવાનું રહેશે. આ માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા સક્રિય રીતે લોક ફાળા/સ્થાનિક ગ્રાન્ટ મેળવવાની કાર્યવાહી કરવાની રહેશે.
5. PMU નું મેનપાવર, વાહનો તથા પ્રવાસ દરેકના ખર્ચને પહોંચી વળવા માટે વહીવટી ખર્ચ તરીકે યોજનાની બજેટ જોગવાઈના ૩ % ની મર્યાદામાં ખર્ચ કરી શકાશે. આ ઉપરાંત યોજનાના પ્રચાર પ્રસાર/ રોડ શો ઈત્યાદીનું બજેટ કારોબારી સમિતિ કુલ બજેટ જોગવાઈના ૩ % ની મર્યાદામાં મંજૂર કરી અમલીકરણ કરી શકશે, જેથી કરીને વધુમાં વધુ દાતાઓને યોજનામાં ભાગીદાર થવા પ્રેરિત કરી શકાય. કારોબારી સમિતિ દ્વારા વાર્ષિક બજેટ તે પ્રમાણે તૈયાર કરવાનું રહેશે.
6. સ્ટેટ કો ઓર્ડીનેટર/હેલ્પ ડેસ્ક મેનેજર ની શૈક્ષણિક લાયકાત એન્જિનિયર(આઈ.ટી/ સિવિલ/ મિકેનિકલ/ ઈલેક્ટ્રીકલ) / MBA હોવી જોઈએ. તેઓને રૂ.૩૦,૦૦૦/- માસિક (૫% વાર્ષિક વધારા સાથે) મહેનતાણું મળવાપાત્ર રહેશે. જે અન્વયે વિકાસ કમિશ્નરશ્રીની કચેરીએ અલગથી નાણા વિભાગ તથા સરકારશ્રીની મંજૂરી મેળવવાની રહેશે.
7. PMU દ્વારા આ યોજનાના અસરકારક અમલીકરણ માટે વિકાસ કમિશ્નરશ્રીની કચેરીએ વેબ પોર્ટલ અને મોબાઈલ એપ તૈયાર કરવાની રહેશે. આ પોર્ટલ દ્વારા દાતાશ્રીઓના દાનની રકમ તથા સરકારશ્રીની અનુદાનની રકમ યોજના માટે ખોલાવેલ અલગ એકાઉન્ટમા જમા થશે. આ રકમ જમા થયા પછી જે તે કામ પાછળ ખર્ચ કરી શકાશે. કોઈ પણ શિડ્યુલ બેન્કની મદદથી પોર્ટલ ખોલી શકાશે. દાતાશ્રીઓને દાન આપવા માટે તમામ માહિતી સુલભ બને તે માટે પોર્ટલ ઉપર કામોની વિગત, કામની ટાઈપ ડિઝાઈન, કામના અંદાજ દર્શાવવાના રહેશે. સબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત તેમજ જિલ્લા પંચાયત માટે આવશ્યકતા અનુસાર Login અને Password જનરેટ કરવામાં આવશે
8. યોજના હેઠળ થતા દરેક કામોનો તાલુકાવાર અલગ હિસાબ જિલ્લા કક્ષાએ નિભાવવાનો રહેશે.
9. આ ઠરાવ અન્વયે નવું ખર્ચ (ગુજરાત અંદાજપત્ર નિયમસંગ્રહ પેરા-૭૮), મહેકમ/આઉટસોર્સથી સેવા મેળવવા, પી.એમ યુ.ને ચૂકવવાની ફી, બેન્ક એકાઉન્ટ ખોલવા, વહીવટી ખર્ચ તેમજ પ્રચાર પ્રસાર અંગેના ખર્ચ અંગેની બાબતો માટે સરકારશ્રીની જરૂરી મંજૂરી મેળવી અંદાજપત્રીય જોગવાઈ કરાવી તે બાબતની સૈધ્ધાંતિક, વહીવટી તેમજ તાંત્રિક મંજૂરીઓ મેળવી લેવાની રહેશે.
10. આ યોજનાના નાણા આ યોજના સિવાયની અન્ય કોઇ યોજના / હેતુ માટે વાપરી શકાશે નહી.
11. આ યોજના હેઠળ અંદાજપત્રીય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવાય તેની તકેદારી વિકાસ કમિશનરશ્રીની કચેરીએ રાખવાની રહેશે.
12. Social audit અને Third party verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.
13. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારશ્રીના આદેશો મેળવી લેવાના રહેશે.
14. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
15. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની જવાબદારી વિકાસ કમિશનરશ્રીની કચેરીની રહેશે.
16. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
17. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

18 આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેલી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહે...

19 સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

20 મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.

21 આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

22. આ બાંધકામ અંદાજોની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

23. ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ પરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GoM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GoM Portal પર ઉપલબ્ધ હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉધોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

24. સૂચિત કામો પૈકી જે કામો MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ MNREGA યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની તકદારી રાખવાની રહેશે.

25. જો બાંધકામ તોડી પાડવાનું હોય તો બાંધકામ તોડી પાડવાની અનુમતી સક્ષમ કક્ષાએથી મેળવ્યા બાદ ગ્રાંટ રીલીઝ કરવાની તકેદારી રાખવાની રહેશે.

26. નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

27 સદર યોજના રાજ્ય સરકારના ફાળા સિવાય બાહ્ય સહાયિત ફાળા થી કરવાની હોય તો તે સમયસર મેળવી લેવા અંગે જરૂરી કાર્યવાહી સમયસર કરવાની રહેશે.

28. સમગ્ર પ્રોજેક્ટ તેની વહીવટી મંજુરીની મર્યાદામાં સમય સર પૂર્ણ થાય તે રીતે સમયબધ્ધ નાણાકીય આયોજન કરવાનું રહેશે. તે માટેના જરૂરી નાણાકીય સ્ત્રોત પાસેથી સમય સર ફંડ ઉપલબ્ધ થાય તેનું આયોજન કરવાનું રહેશે.

29 આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

30. પ્રોજેક્ટ માટે નિયત કરેલ ફંડીંગ પેટર્ન મુજબ સમયસર નાણાકીય સ્ત્રોત ઉભા કરીને તે મુજબ જ ખર્ચ કરવાનો રહેશે.

31. નાણા વિભાગના તા.૦૭/૦૩/૨૦૨૫ ના પરિપત્ર ક્રમાંક: FD/EXP/e-file/4/2023/3563/Z1 ના ફકરા નં. (૩.૬)માં જણાવ્યા મુજબ આ અંગેનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૫ પછી કરવાનો રહેશે.

32. આ યોજના અંગેનો ખર્ચ સીડીપી-૧૭ વતનપ્રેમ યોજના હેઠળના બજેટ સદર : ૭૦-૨૫૧૫-૦૦-૧૦૨-૦૯ માંથી કરવાનો રહેશે.

33. વિભાગના સદર યોજના અન્વયેના વંચાણે લીધા (૩) પરના તા.૨૯/૦૭/૨૦૨૧ ના ઠરાવની જોગવાઇઓ પૈકીની જોગવાઈ ક્રમાંક (૪), (૮), (૧૦), (૧૨) અને (૧૭) યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૧૧/૦૬/૨૦૨૫ તથા સરકારશ્રીની તા. ૨૬/૦૬/૨૦૨૫ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નરેન્દ્ર વાઘેલા)
નાયબ સચિવ
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (પંચાયત), સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- માન. મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

Signature Not Verified
Signed by Narendra Vaghela
Deputy Secretary
Date 2025.06.30 18:28:33 +05:30

- અગ્ર સચિવશ્રી (નાણા) ના અગંત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (પંચાયત) ના અંગત સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર,
- નાણા સલાહકારશ્રી (પંચાયત), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી (વિકાસ કમી.શ્રીની કચેરી મારફત)
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર / અમદાવાદ.
- હિસાબ અને તિજોરી અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
- ઉપસચિવશ્રી (બજેટ), પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- તમામ તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ (સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી મારફત)
- નાયબ સેક્શન અધિકારીશ્રી સિલેક્ટ ફાઈલ
- શાખા સિલેકટ ફાઈલ

જિલ્લા,રાજ્ય કે દેશ બહાર વસતા કોઈ પણ દાતા અથવા ગામના વ્યક્તિના દાન અને રાજ્ય સરકારશ્રીના અનુદાનથી ગામડાઓમાં વધુ સારી સગવડો ઉભી કરવાની અને દાતાઓને પ્રોત્સાહન આપવાની "વતન પ્રેમ યોજના" બાબત

ગુજરાત સરકાર

પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

સુધારા ઠરાવ ક્રમાંક : એમવીવાય/૧૦૨૦૨૦/૨૭૩૨૧૫ /લ

સચિવાલય, ગાંધીનગર.

તા.૨૯/૦૭/૨૦૨૧

**વંચાણે લીધા:**

(૧) આ વિભાગનો તા.૧૮/૦૮/૨૦૨૦ નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૨) આ વિભાગનો તા.૧૧/૦૬/૨૦૨૧ નો ઠરાવ ક્રમાંકઃ એમવીવાય/૧૦૨૦૨૦/૫૨૯૦૦૭ /લ.

**આમુખઃ-**

આમુખમાં વંચાણે લીધા (૧) ના તા. ૧૮/૦૮/૨૦૨૦ના ઠરાવથી જિલ્લા,રાજ્ય કે દેશ બહાર વસતા કોઈ પણ દાતા અથવા ગામના વ્યક્તિના દાન અને રાજ્ય સરકારશ્રીના અનુદાનથી ગામડાઓમાં વધુ સારી સગવડો ઉભી કરવાની અને દાતાઓને પ્રોત્સાહન આપવા માટે માદરે વતન યોજના અમલમાં મૂકવામાં આવેલ છે.

ગુજરાતના ગામડાઓના સર્વાંગી વિકાસ કાર્યો અને ઉત્તમ જનસુવિધાઓ માટે વતન પ્રેમ અને વતન સેવા સુધી લઈ જવા વતન પ્રેમીઓને જન્મભૂમિ, માતૃભૂમિનું રૂણ ચૂકવવાની ઉત્તમ તક આપવા જન હિત વિકાસ કાર્યોમાં જન ભાગીદારીનું સૌથી મોટા અભિયાન તરીકે યોજના રાજ્ય સરકારશ્રી દ્વારા દાખલ કરવામાં આવેલ છે. જે દ્વારા સરકાર, દાતાઓ તેમજ ગામના લોકો વચ્ચે જન કલ્યાણ-વિકાસકીય ત્રિવેણી સંગમ થકી ગામમાં સુવિધાઓ વધવાથી ગામની જીવંતતા વધારવાની કલ્યાણકારી ભાવના સાથેની યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

આ યોજનાનો વ્યાપ અને અગત્યતા ધ્યાને લઈને યોજનાને વધુ અસરકારક અમલ માટે મૂળ યોજનામાં જરૂરી સુધારા-વધારા કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ-**

પુખ્ત વિચારણાના અંતે યોજનાની મૂળ જોગવાઇઓમાં ફેરફાર કરીને નીચેની જોગવાઇઓને આધીન રહીને અમલીકરણ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) આ યોજનાનું નામ ''વતન પ્રેમ યોજના'' રહેશે.

(૨) યોજના હેઠળ લઈ શકાય તેવા કામોની સૂચિઃ-

૧. શાળાના ઓરડા અથવા સ્માર્ટ ક્લાસ
૨. કોમ્યુનિટી હોલ
3. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (આરોગ્ય વિભાગ દ્વારા સેટ અપ મંજૂર થયેલ હોવું જોઈએ.)- પેટા આરોગ્ય કેન્દ્રનું મકાન
૪. આંગણવાડી- મધ્યાહન ભોજનનું રસોડુ- સ્ટોરરૂમ.
૫. પુસ્તકાલય
૬. રમત ગમત માટે વ્યાયામ શાળાનું મકાન અને સાધનો.
૭. સી.સી.ટી.વી. કેમેરા સર્વેલન્સ સિસ્ટમ
૮. સ્મશાનગૃહ
૯. વોટર રીસાયકલીંગની વ્યવસ્થા તથા ગટર/STP ઈત્યાદી
૧૦.તળાવ બ્યુટીફીકેશન
૧૧. એસ.ટી.સ્ટેન્ડ
૧૨. સોલર એનર્જી સ્ટ્રીટલાઇટ અને પાણીના ટ્યુબવેલ-કુવાની-પાણીની ટાંકીની મોટર ચલાવવા માટે

(3) ઉપરોક્ત કામો ના નિયત ખર્ચ પૈકી દાતા/દાતાઓ પોતાના ગામમાં ૬૦ ટકા કે તેથી વધુ રકમનું દાન આપીને કામ કરાવી શકશે દાતાના રકમની સામે ખૂટતી ૪૦ ટકા રકમનું રાજ્ય સરકાર અનુદાન કરશે.

(૪) આ યોજનાના અસરકારક અમલીકરણ માટે વતન પ્રેમ યોજના સોસાયટીની રચના કરાવાની રહેશે. આ સોસાયટી અંતર્ગત ગવર્નીંગ બોડી અને કારોબારી સમિતિ રહેશે અને આ ગવર્નિંગ બોડી અને કારોબારી સમિતિના સભ્યો નીચે પ્રમાણે રહેશે.

**ગવર્નિંગ બોડી**

| | | |
|---|---|---|
| ૧ | માન. મુખ્યમંત્રીશ્રી | અધ્યક્ષશ્રી |
| ૨ | માન.રા.ક.મંત્રીશ્રી(પંચાયત) | ઉપાધ્યક્ષશ્રી |
| 3 | અધિક મુખ્ય સચિવશ્રી (પંચાયત) | સભ્યશ્રી |
| ૪ | અધિક મુખ્ય સચિવશ્રી (નાણા) | સભ્યશ્રી |
| ૫ | સચિવશ્રી (પાણી-પુરવઠા) | સભ્યશ્રી |
| ૬ | સચિવશ્રી (ગ્રામ વિકાસ) | સભ્યશ્રી |
| ૭ | અધ્યક્ષશ્રી, NRG ફાઉન્ડેશન | સભ્યશ્રી |
| ૮ | સચિવશ્રી (સાયન્સ અને ટેકનોલોજી) | સભ્યશ્રી |
| ૯ | સચિવશ્રી (માર્ગ અને મકાન) | સભ્યશ્રી |
| ૧૦ | ગ્રામ્ય ક્ષેત્રના વિકાસની કામગીરી સાથે સંકળાયેલ બે પ્રતિષ્ઠિત વ્યક્તિ | આમંત્રીત સભ્યશ્રી |
| ૧૧ | વિકાસ કમિશનરશ્રી | સભ્ય સચિવશ્રી |

**કારોબારી સમિતિ**

| | | |
|---|---|---|
| ૧ | અધિક મુખ્ય સચિવશ્રી (પંચાયત) | ચેરમેનશ્રી |
| ૨ | સચિવશ્રી, માહિતી અને પ્રસારણ | સભ્યશ્રી |
| 3 | સચિવશ્રી (ખર્ચ) નાણાં વિભાગ | સભ્યશ્રી |
| ૪ | સચિવશ્રી, સાયન્સ અને ટેકનોલોજી | સભ્યશ્રી |
| ૫ | અધ્યક્ષશ્રી, NRG ફાઉન્ડેશન | સભ્યશ્રી |
| ૬ | સભ્ય સચિવશ્રી, GWSSB | સભ્યશ્રી |
| ૭ | મુખ્ય ઇજનેરશ્રી, પંચાયત,માર્ગ અને મકાન વિભાગ | સભ્યશ્રી |
| ૮ | ઇરમા/એન.આઇ.આર.ડી./એસ.આઇ.આર.ડી.ના સભ્યો | સભ્યશ્રી |
| ૯ | જિલ્લા વિકાસ અધિકારીશ્રી, આણંદ અને મહેસાણા | આમંત્રીત સભ્યશ્રી |
| ૧૦ | વિકાસ કમિશનરશ્રી | સભ્ય સચિવશ્રી |

(૫) યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા આપવાની થતી અનુદાનની રકમ એટલે કે બાકીની ખૂટતી જરૂર કે તેથી ઓછી રકમ જે તે કામને સંલગ્ન નીચે દર્શાવેલ વિભાગની બજેટ જોગવાઇમાંથી કરવાની રહેશે. પંચાયત, ગ્રા. ગૃ. નિ. અને ગ્રા. વિ. વિભાગ દ્વારા જે તે વિભાગને ગ્રાન્ટની માંગણી જણાવ્યેથી તે પ્રમાણેની રકમ સંબંધિત વિભાગ દ્વારા પંચાયત, ગ્રા. ગૃ. નિ. અને ગ્રા. વિ. વિભાગ મળ્યેથી આ રકમ યોજના માટે ખોલાવવામાં આવેલ અલગ એકાઉન્ટમાં જમા કરાવવાની રહેશે.

| ક્રમ | કામનું નામ | વિભાગનું નામ |
|---|---|---|
| ૧ | શાળાના ઓરડા અથવા સ્માર્ટ ક્લાસ | શિક્ષણ વિભાગ |
| ૨ | કોમ્યુનિટી હોલ | પંચાયત, ગ્રા. ગૃ. નિ. અને ગ્રા. વિ. વિભાગ |
| 3 | 3. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (આરોગ્ય વિભાગ દ્વારા સેટ અપ મંજૂર થયેલ હોવું જોઈએ.) - પેટા આરોગ્ય કેન્દ્રનું મકાન | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ |
| ૪ | આંગણવાડી- મધ્યાહન ભોજનનું રસોડુ- સ્ટોરરૂમ | મહિલા અને બાળવિકાસ વિભાગ/ શિક્ષણ વિભાગ |
| ૫ | પુસ્તકાલય | રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ |
| ૬ | રમત ગમત માટે વ્યાયામ શાળાનું મકાન અને સાધનો | રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ |
| ૭ | સી.સી.ટી.વી. કેમેરા સર્વેલન્સ સિસ્ટમ | ગૃહ વિભાગ |
| ૮ | સ્મશાનગૃહ | પંચાયત, ગ્રા. ગૃ. નિ. અને ગ્રા. વિ. વિભાગ |
| ૯ | વોટર રીસાયકલીંગની વ્યવસ્થા તથા ગટર/STP ઈત્યાદી | ગુ.પા.પુ અને ગટર વ્યવસ્થા બોર્ડ અને પંચાયત, ગ્રા. ગૃ. નિ. અને ગ્રા. વિ. વિભાગ |

| | | |
|---|---|---|
| ૧૦ | તળાવ બ્યુટીફીકેશન | મહેસુલ વિભાગ/ પંચાયત, ગ્રા. ગૃ. નિ. અને ગ્રા. વિ. વિભાગ /ન.જ.સં.પા.પુ અને ક.વિભાગ |
| ૧૧ | એસ.ટી.સ્ટેન્ડ | બંદરો અને વાહન વ્યવહાર વિભાગ |
| ૧૨ | સોલર એનર્જી સ્ટ્રીટલાઇટ અને પાણીના ટ્યુબવેલ-કુવાની-પાણીની ટાંકીની મોટર ચલાવવા માટે | ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ /ન.જ.સં.પા.પુ અને ક.વિભાગ |

(૬) વતન પ્રેમ યોજના સોસાયટી અંતર્ગત રાજ્યકક્ષાએ Escrow બેંક એકાઉન્ટ તથા જિલ્લા કક્ષાએ વતન પ્રેમ યોજના સોસાયટી હેઠળ અલગથી બેંક એકાઉન્ટ ખોલાવવાનુ રહેશે.

(૭) દાતાશ્રી દ્વારા જે તે કામને લગતી દાનની રકમ આ યોજના હેઠળ ખોલાવવવામાં આવેલ Escrow એકાઉન્ટમાં જમા કરાવવાની રહેશે. દાનની રકમ જમા કરાવ્યાના ૩૦ (ત્રીસ) દિવસમાં જે તે કામની તાંત્રિક અને વહીવટી મંજૂરીની કાર્યવાહી સંબંધિત તાલુકા વિકાસ અધિકારીશ્રીએ પુર્ણ કરાવવાની રહેશે. કામની પ્રગતિ મુજબ તાલુકા વિકાસ અધિકારીશ્રીએ થયેલ કામગીરીનો અહેવાલ જિલ્લા વિકાસ અધિકારીશ્રીને સુપ્રત કરવાનો રહેશે.

(૮) આ યોજનાના કામો કરવા માટે "વતન પ્રેમ સોસાયટી" દ્વારા Project Management Unit (PMU) ની રચના કરવાની રહેશે.

(૯) PMU દ્વારા આ યોજનાના અસરકારક અમલીકરણ માટે વેબ પોર્ટલ અને મોબાઈલ એપ તૈયાર કરવાની રહેશે. આ પોર્ટલ દ્વારા દાતાઓના દાનની રકમ તથા સરકારની અનુદાનની રકમ યોજના માટે ખોલાવેલ અલગ એકાઉન્ટમાં જમા થશે. આ રકમ જમા થયા પછી જે તે કામ પાછળ ખર્ચ કરી શકાશે. કોઈ પણ શિડ્યુલ બેન્કની મદદથી પોર્ટલ ખુલશે, પોર્ટલ ઉપર કામોની વિગત, કામની ટાઈપ ડિઝાઈન, કામના અંદાજ દર્શાવવાના રહેશે જેથી દાતાને દાન આપવા માટે તમામ માહિતી મળી શકે અને સુવિધા રહે. સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત તેમજ જિલ્લા પંચાયતને આવશ્યકતા અનુસાર Login અને Password જનરેટ કરવામાં આવશે.

(૧૦) સરકારી અનુદાન,CSR તેમજ અન્ય ગ્રાન્ટ પણ પોર્ટલ મારફત જમા થશે .

(૧૧) જિલ્લાઓની કામગીરી ધ્યાને લઇને યોજનાના અસરકારક અમલ માટે વતન પ્રેમ સોસાયટી દ્વારા District Co-ordinator ની સેવાઓ આઉટસોર્સીંગથી મેળવીને દરેક જિલ્લામાં ૧(એક) District Co-ordinator ફાળવવાના રહેશે. આ કામગીરી માટે જો કોઈ નિવૃત્ત જુનિયર ટાઉન પ્લાનીંગ ઓફિસર/ટાઉન પ્લાનીંગ ઓફીસર અને સીનીયર ટાઉન પ્લાનીંગ ઓફિસરને માનદ સેવા તરીકે કામગીરી કરવા તૈયાર થાય તો કામગીરી સોંપી શકાશે. District Co-ordinatorની શૈક્ષણિક લાયકાત એન્જિનિયર (આઈ.ટી/સિવિલ/મિકેનિકલ/ઈલેક્ટ્રીકલ)/MBA હોવી જોઈએ. તેઓને રૂ.૩૦,૦૦૦/- માસિક (૫% વાર્ષિક વધારા સાથે) મહેનતાણું મળવાપાત્ર રહેશે.

- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રી(નાણા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,
- સર્વે માન. મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(પંચાયત)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(ગ્રામ વિકાસ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(ગ્રામ ગૃહ નિર્માણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી(ગ્રામ ગૃહ નિર્માણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી/ સચિવશ્રી, સચિવાલયના સર્વે વિભાગો,સચિવાલય
- અધિક મુખ્ય સચિવશ્રી(પંચાયત)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, વસુતાપ્ર અને એન.આર.આઈ., સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- ગ્રામ વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, એન.આર.જી. ફાઉન્ડેશન, ઉદ્યોગ ભવન , ગાંધીનગર
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રી
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ, પંચાયત, ગ્રા. ગૃ. નિ. અને ગ્રા. વિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી(પંચાયત), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ/રાજકોટ
- પ્રોજેક્ટ મેનેજરશ્રી,ઇ-ગ્રામ વિશ્વ ગ્રામ સોસાયટી, પંચાયત, ગ્રા. ગૃ. નિ. અને ગ્રા. વિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સીસ્ટમ મેનેજરશ્રી, પંચાયત, ગ્રા. ગૃ. નિ. અને ગ્રા. વિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેક્ટ ફાઇલ